






રાજયનાં લેણાં માફ કરાવવા બેચેન થાય છે
પેટ્રોલમાં મમતાને પ્રસવનાં વેન થાય છે,
વેંચે છે ચેન સોનાની, ધનિકોની શેરીની ટીમને -
સત્તાના ઘેનમાં બેન, શાહરૂખનાં ફેન થાય છે!
(મમતાએ સોનું વરસાવ્યું)

છે ડ્રાંઉ ડ્રાંઉ -
વર્સાદી દેડકાંનું -
અર્થ વિહીન..
(જિલ્લે જેલ્લે ગામે ગામ
નેટવર્ક જરૂરી)

આવડે ન કૈં
અપવાસ સિવાય -
અન્ના હજારે
(વિરોધાભાસી નિવેદનો)




## ચિંતન

**ન દેવાય ન ધર્માય ન બંધુભ્યો ન ચાર્થિને ।**
**દુર્જનસ્યાર્જિતં વિતં ભૂજયતે રાજતસ્કરૈઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'દુર્જન નિંદા' (બીજું પ્રકરણ) ના આ શ્લોક દુર્જનો જે દુષ્ટનીતિથી ધન એકત્ર કરે છે. તેની આ દશા થાય છે એ આ શ્લોકમાં કહ્યું છે :-

'દુર્જનનું દુષ્ટ માર્ગે કમાયેલું ધન, દેવ-દેવસ્થાન, ધર્મ-ધાર્મિક કાર્યોમાં, કે કુટુંબીજનોને પાત્ર યાચકને માટે વપરાતું નથી કે કોઇ કામમાં પણ આવતું નથી. પરંતુ એવા લોકોનું ધન તો માત્ર રાજા (સરકાર) કે ચોર-લુંટારા જ ભોગવે છ.'

જે લાંચ રૂસ્વત-ખાયકી-કૌભાંડ અને કમિશનથી આવેલી કે પોતાના વ્યવસાયમાં અનીતિથી આવક કરી હોય જેમ કે, ખોટાં ઓપરેશન, ખોટા સિમેન્ટના પૂલ-મકાનો બાંધી અનીતિની આવક ઊભી કરી હોય, ભેળસેળ દાણચોરી, ઠગબાજી - એકના ડબલ જેવા ધંધા એ બધા દુષ્ટનીતિથી પેદા કરેલી લક્ષ્મી છે એને અલક્ષ્મી કહેવાય-આવી લક્ષ્મી પવિત્ર અને સાત્ત્વિક કાર્યમાં વપરાતી નથી. કુટુંબ પરિવાર, જરૂરિયાતમંદ કે દાન-પુણ્યમાં પણ કામ આવતી નથી..

એ સરકાર જપ્ત કરે કે ડોકટર-વકીલને ફી ચૂકવવામાં જ વપરાય - કામ આવે છે; અથવા ચોર-લૂંટારા છીનવી જાય છે.

## સુવિચાર

- કાયદો કરોડિયાની જાળ જેવો છે, નાના જીવજંતુ તેમાં ફસાઇ જાય છે, જયારે મોટાં તો તેને જ તોડી-ફોડી નિકળી જાય છે **- સોલી સોરાબજી**
- કાયદો ગરીબો પર શાસન કરે છે, ધનાઢ્યો કાયદા પર શાસન કરે છે- **ઓલિવર ગોલ્ડસ્મિથ**
- કાયદો મનુષ્ય માટે ઘડાય છે, મનુષ્યનું નિર્માણ કાયદા માટે નથી **- રામતીર્થ**
- તમારી જાતને સૌથી ઊંચી અને શ્રેષ્ઠ ન સમજો, કાયદો તમારાથી પણ ઊંચો છે- **થોમસ ફુલર**
- સરળ અને શિષ્ટ કાયદાનું ભાગ્યે જ પાલન થાય છે અને અતિ કડક કાયદાનું ઉલ્લંઘન બહું ઓછું થાય છે **- ફ્રેંકલિન**
- જો કાયદાનું પાલન માત્ર રાજયના અધિકારીઓએ જ કરવાનું હોય તો તેનો અંત આવી ગયો સમજો **- હર્બટ ફૂલર**
- નાના નાના કાયદાઓ જ મોટા અપરાધને જન્મ આપે છે **- માનટેન**

## બોધકથા

ઇશ્વર 'ચમત્કાર' આજે પણ કરે જ છે. એને 'યોગાનુયોગ' કહી આપણે આંખ આડા કાન કરીએ છીએ, શ્રધ્ધા-વિશ્વાસ અને દૃષ્ટિ હોય તો એ 'સાક્ષાત્કાર' જ છે.

ન્યૂયોર્ક શહેરમાં એક માતાના સાત વર્ષનાં પુત્રને માથામાં ગાંઠ હતી. ડોકટરની સલાહ લીધી, ડોકટરે હાથ ખંખેરી નાખ્યા અને આકાશ તરફ આંગળી કરી કહ્યું, હવે આને કોઇ 'ચમત્કાર' જ બચાવી શકે!

એ ભાઇની પાંચ વર્ષની નાની બહેન આ સંવાદ સાંભળતી હતી. ભાઇ પ્રત્યેનો પ્રેમ અને માની આંખમાંથી નીકળતાં આંસુથી એ પણ ચિંતિત અને દુખી હતી. પણ ઉપાયની ખબર નો'તી ત્યાં ઝબકાર થયો. 'કોઇ 'ચમત્કાર' જ બચાવી શકે' એ ડોકટરના શબ્દો યાદ આવ્યા.

પોતાની ખાનગી બચતના બે ડોલર લઇ દવાની દૂકાને ગઇ ને કહ્યું, મને 'ચમત્કાર' આપો. દુકાનદારે બાળાની વિગત સાંભળી તે વખતે પ્રસિધ્ધ ન્યૂરો સર્જન ડો. કાર્લસ આર્મસ્ટ્રોંગ ત્યાં ઊભા હતા. બાળકીની નિર્દોષતા તેને સ્પર્શી ગઇ. તેણે કહ્યું ચાલ! મારી પાસે 'ચમત્કાર' છે તારા ભાઇ પાસે લઇ જા!

ભાઇની દવાખાનામાં ડો. આર્મસ્ટ્રોંગે સારવાર કરી, મગજનું જટિલ ઓપરેશન કર્યું, અને 'ચમત્કાર' સર્જયો.. બહેનને ભાઇ મળ્યો.

# ઇક આંગન સિતારોં ભરા ચાહતા હૂં...

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

હિન્દુસ્તાન અનેક તહઝીબોમાંથી બનેલો એક મુલ્ક છે... લજ્જતથી માંડીને લિબાસ સુધી, આમથી માંડી ને ખાસ સુધી... હિન્દુસ્તાનિયતનો પોતાનો રંગ છે અને તેના ઝાયકા હિન્દુસ્તાની ઝબાનોંમાં પણ જોવા મળે છે... અને એવી જ ઝાયકેદાર શીરીં જબાન છે ઉર્દૂ. ઉર્દૂ સ્વયં તૂર્કી ભાષાનો લબ્જ છે અને જેનો મતલબ થાય છે લશ્કર કે છાવણીનું બાઝાર...! ઉર્દૂ કોઇ સ્વતંત્ર ભાષા નથી પરંતુ હિન્દી ભાષાનું જ અનેક આયામી સ્વરૂપ છે. જેણે અરબી, ફારસી તૂર્ક શબ્દોને પોતાની ભીંતર સમાવી લીધા છે અને તેની લિપિ અરબી અને ફારસી લિપિઓનાં સંયોગથી બની છે... આ ઝબાન ગઝલોમાં એક મૌસમ ભરી દે છે... ધૂપમાં ચમક અને આગમાં ગરમી...!! તો ચાલો આજે કોફીની ચૂસ્કીઓ સાથે માણીએ હિન્દુસ્તાની ગઝલોની એક નાનકડી મૌસમ... મિટ્ટી તોડીને ઊગી નીકળેલા છોડ જેવી... પહાડી ચટ્ટાન સીનાઓ સાથે ટકરાતા બાધા જેવી...

દુષ્યંતકુમાર, ફૈઝ અહમદ, ફૈઝ, ફિરાક ગોરખપુરી, 'મઝરૂહ' સુલ્તાનપુરી, નિદા ફાઝલી, બશીર બદ્ર, શહરયાર, ગુઝલાર આ તમામ ગુજરાતી સાહિત્યમાં ગુજરાતી ઉર્દૂ રસિકોમાં પ્રખ્યાત થઇ ચૂકેલા કેટલાંક નામ છે પરંતુ આ સિવાય પણ હિન્દી ભાષી રાજયો અને ખાસ કરીને ઉત્તર ભારતીય રાજયોમાં ઉર્દૂ સાહિત્ય - મિજલસો - ગઝલો - મુશાયરાઓનો દોર આજે પણ યથાવત છે...

ગોપાલદાસ 'નીરજ' નામનો એક શાયર બદનસીબની બહેતરીન નુમાઇન્દગી પોતાની એક ગઝલમાં કરે છે.

અબ કે સાવન મેં શરારત યે મેરે સાથ હુઇ
મેરા ઘર છોડ કે પૂરે શહર મેં બરસાત હુઇ
જિન્દગી ભર તો હુઇ ગુફ્તગૂ ગૈરો સે મગર
આજ તક હમસેં હમારી ન મુલાકતા હુઇ

અને આજ જ ગઝલનો આખરી શે'ર, જે કદાચ ગેંગસ્ટરથી માંડીને સ્કેમસ્ટર સુધીની વ્યાધિઓથી પીડાતા હિન્દુસ્તાનીને હિદાયત આપે છે...

મૈંને સોચા કી મેરે દેશ કી હાલત કયા હૈ
એક કાતિલ એ તભી મેરી મુલાકાત હુઇ

મુનવ્વર રાણા નામનો બીજો એક અદનો ગઝલકાર વર્તમાન સામે નારાજગી બતાવે છે

તુમ્હારે શહર મેં મૈયર કો સબ કાંધા નહીં દેતે
હમારે ગાંવ મેં છપ્પર ભી સબ મિલકર ઉઠાતે હૈ

અને પછીની લીટીમાં...

ઇન્હે ફિરકા પરસ્તી મત સિખા દેના કી યે બચ્ચે
જમીન સે ચૂમકર તિતલી કે તૂટે પર ઉઠાતે હૈ

ફિરકા પરસ્તી એટલે કોમવાદ.. ફિરકા એટલે કોમ... જે બચ્ચાઓ પતંગિયાની તૂટેલી પાંખો પણ ચૂમીને ઉઠાવતા હોય તેમના ઝહનમાં પાગલપન અને હાથોમાં તલવારો કોણ મુકી જાય છે. પણ એક આશા હજી પણ કયાંક છે અને તેની બીજી એક ગઝલમાં તે કહે છે.

ફિઝા મેં ઘોલ દી હૈ નફરતેં અહલે સિયાસત ને
મગર પાની કુએ સે આજ તક મીઠા નીકલતા હૈ

ઉફ્ક - ક્ષિતિજ ને પેલે પાર સૂરજ હોવાનો દરેકને ભરોસો છે...

કુલદીપ 'સલિલ' નામનો બીજો એક શાયર નવીનની ચાહ રાખે છે... કોઇ ઇન્કિલાબની કોઇ બદલાવની...

નયા ચાંદ, સૂરજ નયા ચાહતા હૂ
ઇક અચ્છા સા સબ મેં ખુદા ચાહતા હૂ
મેં અપને ઝહ્ન કી હી તંગ ઇક ગલી મેં
ઘિરા હૂ, કોઇ રાસ્તા ચાહતા હૂ

અને જમાનાની બેરૂખીથી જખ્મી થયેલા આદમીની વાત કરે છે...

યહ કહતે હુએ દમ દિયા તોડ ઉસને
કિ મહેનત કા અપની સિલા ચાહતા હૂ

અને પછી એક છોટી સી ખ્વાહિશ

ચકાચૌંધ ઇસ રોશની કે શહર મેં
ઇક આંગન સિતારોં ભરા ચાહતા હૂં

હવે વાત ખુદ્દારીની... શાયર ખુદમુખ્તાર - આઝાદ રહ્યા છે... ખુમારીથી નક્કાશી કરે છે જસ્બાતોની અલ્ફાઝોમાં...

'આલમ' ખુર્શીદ લખે છે...

હાથ પકડ લેં, અબ ભી તેરા હો સકતા હૂં મૈં
ભીડ બહુત હૈ ઇસ મેલે મેં ખો સકતાં હૂ મેં.
પીછે છૂટે સાથી મુજ કો યાદ આ જાતે હૈ
વર્ના દોડ મેં સબસે આગે હો સકતા હૂં મેં

અને પછી માસ્ટર સ્ટ્રોક જેવી લાઇન

ઇક માસૂમ સા બચ્ચા મુજ મેં અબ તક જિંદા હૈ
છોટી - છોટી બાત પે અબ ભી રો સકતા હૂં મેં
સન્નાટે મેં હર પલ દહેશત ગૂંજા કરતી હૈ
ઇસ જંગલ મેં ચૈન સે કૈસે સો સકતા હૂં મૈં

બીજી એક ગઝલમાં જિદ્દી 'આલમ' કહે છે...

જંગલ કા અંધેરા હૈ બહુત તેજ હવા ભી
ઔર જિદ્દ હૈ હમારી કી જલાયેંગે દિયા ભી
કયો સર કો ઝુકાયેગા જમાના તેરે આગે
કુછ ઔર તુઝે આતા હૈ રોતે કે સિવા ભી

અને ગઝલનો છેલ્લો શે'ર... જેને ફૂટપાથ પર સૂવા વાળો - સડકો પર ભીંખ માંગવાવાળો - ગરીબીના એ તમામ રંગો સાથે પેદા થયેલો હિન્દુસ્તાની જ મહસૂસ કરી શકશે.

હીરે કી તરહ લગતા હૈ હર, કાચ કા ટુકડા
કમબખ્ત અજબ ચીજ હૈ ગુર્બત (ગરીબી) કા નશા ભી

**હવે કેટલાક શે'ર... ગુમશુદાની તલાશમાં...**

રૌશની ઓર બઢાઓ કી મિલે કુછ તો સુરાગ
અબ મેરે જિસ્મ મેં શાયદ મેરા સાયા ભી નહીં

**- ઇન્દ્રમોહન મહેતા 'કેફ'**

**એક ષડયંત્ર**

સાજિસ ન જાને કિસ કી બડી કામિયાબ હૈ
હર શખ્સ અપને આપ મેં ભટકા દિયા ગયા
લહઝે મેં સચ કા ઝહર ઉગલને કા જૂર્મ થા
મેરી ગઝલ કો ધૂપ મેં ઝુલસા દિયા ગયા

**- સલીમ અંસારી**

**એક નજર...**

ફુરસત મિલે તો તુમ કભી મેરે ભી ભીંતર દેખના
પત્થરો પર સિર પટકતા ઇક સમન્દર દેખતા
જો તરસતે હી રહે બસ ઇક ખિલૌને કે લિયે
ઉન નર્મ હાથોં મે કલ રંગીન કબૂતર દેખના

**- અશ્વ ઘોષ**

અને આખિરમાં નિદા ફાઝલીની એક ગઝલ...

બેનામ - સા એ દર્દ કયો નહીં જાતા
જો બીત ગયા હૈ વો ગુજર કયો નહી જાતા
સબ કુછ તો હૈ કયા ઢૂંઢતી રહતી હૈ નિગાહે
કયા બાત હૈં મેં વક્ત પે ઘર કયોં નહીં જાતા
મૈં અપની હી ઉલઝી હુઇ રાહો કા તમાસા
જાતે હૈ જિધર સબ મૈં ઉધર કયો નહી જાતા
વો ખ્વાબ જો બરસોં સે ન 'ચેહરા' ન 'બદન' હૈ
વો ખ્યાબ હવાઓ મેં બિખર કયોં નહી જાતા

...તો આ હતો હિન્દુસ્તાની ગઝલનો એક બહેતરીન રંગ... ખૂશ્બુદાર ઝાયકો... આદમીનાં ખ્વાબો અને જખ્મોની કહાની...

ઇતિ સિદ્ધમ્ - ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧ લી જૂન**

- ગુજરાતના નારીરત્ન વિદ્યાગૌરી નીલકંઠની આજે જન્મજયંતિ.

૧-૬-૧૮૯૨ ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્યના પ્રમુખ તરીકે સેવાઓ આપનારા આ વિદૂષીનું સામાજિક સેવાઓનું કાર્ય યશસ્વી હતું. ઇ. સ. ૧૯૮૫માં તેમનું અવસાન થયું.

- મર્લિન મનરોનો જન્મ દિન તા. ૧-૬-૧૯૨૬.

હોલીવુડની ફિલ્મના ઇતિહાસમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કરનાર મર્લિન મનરોની ફિલ્મ 'વી આર નોટ મેરિડ, મન્કી બિઝનેશ, હાઉ ટુ મેરી મિલિયોનેર, ધ સેવન ઇયર ઇચ, સમ લાઇક ઇટ હાર્ટ' ખૂબજ લોકપ્રિય નીવડી. ટૂંક સમયમાં જ [illegible] સૌંદર્યથી પ્રસિધ્ધી મેળવનાર મનરોની છબી આજેય અજરઅમર છે.

- ૧૯૭૨માં ડાંગ જિલ્લા પંચાયતની સ્થાપના થઇ.
- ૯૦ જેટલાં ગ્રંથો લખનાર - ઇંગ્લેન્ડના ૧૭માં રાજકવિ જ્હોન મેઇઝ ફિલ્ડનો જન્મ - ૧૮૭૮.



- અંધજનો - અપંગોની સેવા કરનારી કુમારી હેલર - કેલરનું ૮૭ વર્ષની વયે અવસાન - ૧૯૬૮.

# ભારતીય માન્યતા પ્રમાણે સૃષ્ટિના સર્જક કોણ ગણાય છે?

**વિષય : ભારતીય સંસ્કૃતિ**

(૧) ભારતની ચારે દિશામાં ચાર મઠની સ્થાપના કોણે કરી હતી?
(અ) આદિ શંકરાચાર્ય (બ) ચૈતન્ય મહાપ્રભુ
(ક) કબીરદાસ (ડ) રામદાસ
(૨) ભારતીય માન્યતા પ્રમાણે સૃષ્ટિના સર્જક કોણ ગણાય છે?
(અ) વિષ્ણુ (બ) શિવ (ક) બ્રહ્મા (ડ) ઈન્દ્ર
(૩) ગૌતમ બુધ્ધનું મૂળ નામ શું હતું?
(અ) શુદ્ધોધન (બ) રાહુલ (ક) વર્ધમાન (ડ) સિધ્ધાર્થ
(૪) દિગંબર અને શ્વેતાંબર કયા ધર્મનાં સંપ્રદાયો છે?
(અ) પારસી (બ) બૌધ્ધ (ક) જૈન (ડ) શીખ
(૫) પિતાની આજ્ઞા પ્રમાણે યમની પાસે પહોંચનાર વીર બાળકનું નામ શું હતું?
(અ) ધ્રુવ (બ) પ્રહલાદ (ક) શ્રવણ (ડ) નચિકેતા
(૬) મહારાણા પ્રતાપને મુશ્કેલીના સમયમાં મદદ કરનાર દાનવીરનું નામ શું હતું?
(અ) શક્તિસિંહ (બ) ભીલરાજ (ક) ભામાશા (ડ) જયમલ્લ
(૭) સંત તુકારામ કયા રાજય સાથે સંકળાયેલા હતા?
(અ) મહારાષ્ટ્ર (બ) ગુજરાત (ક) રાજસ્થાન (ડ) મધ્યપ્રદેશ
(૮) કયા ધર્મનું ઉદ્‌ગમ સ્થાન ભારત નથી?
(અ) જૈન (બ) બૌધ્ધ (ક) શીખ (ડ) પારસી
(૯) નીતિ શતકની રચના કોણે કરી હતી?
(અ) જગન્નાથ (બ) ભવભૂતિ (ક) ભર્તુહરિ (ડ) મનુ
(૧૦) કયા વેદમાં સંગીતની વાત છે?
(અ) અર્થવેદ (બ) સામવેદ (ક) યજુર્વેદ (ડ) ઋગ્વેદ
(૧૧) મહાભારતના યુધ્ધનું સ્થળ કુરૂક્ષેત્ર હાલ કયાં રાજયમાં આવેલ છે?
(અ) ઉત્તર પ્રદેશ (બ) પંજાબ (ક) હરિયાણા (ડ) હિમાચલ પ્રદેશ
(૧૨) ભગવાન રામે શિવલિંગની સ્થાપના કયાં કરી હતી?
(અ) સોમનાથ (બ) ચિત્રકૂટ (ક) ઉજ્જૈન (ડ) રામેશ્વરમ્
(૧૩) શહીદ-એ-આઝમ તરીકે નીચેનામાંથી કોણ ઓળખાય છે?
(અ) ગાંધીજી (બ) ઇંદિરા ગાંધી
(ક) ભગતસિંહ (ડ) સુભાષચંદ્ર બોઝ
(૧૪) સેતુબંધનો ઉલ્લેખ કયા ગ્રંથમાં જોવા મળે છે?
(અ) મહાભારત (બ) રામાયણ
(ક) રઘુવંશ (ડ) વિક્રમોવર્શીય
(૧૫) 'ઝંડા ઊંચા રહે હમારા...' આ ગીત કોણ છે?
(અ) મૈથિલીશરણ ગુપ્ત (બ) શ્યામલાલ ગુપ્ત 'પાર્ષદ' (ક) રામધારી સિંહ 'દિનકર' (ડ) સુભદ્રાકુમારી ચૌહાણ

**● વિવિધા ●**

**યુરોપ ખંડના દેશ, રાજધાની અને ક્ષેત્રફળ**

| દેશ | રાજધાની | ક્ષેત્રફળ (હજાર ચો.કિ.મી.) |
|---|---|---|
| આઇસલેન્ડ | રેક્યાવિક | ૧૦૩ |
| આઝર બાઇઝાન | બાકુ | ૮૭ |
| આયર્લેન્ડ | ડબ્લિન | ૭૦ |
| આર્મિનીયા | ચિરિવાન | ૩૦ |
| આલ્બેનિયા | તિરાના | ૨૯ |
| ઇટલી | રોમ | ૩૦૧ |
| એસ્ટોનિયા | ટાલિન | ૪૫ |
| એન્ડોરા | એન્ડોરા લા-વેલ્યા | ૦.૫ |
| ઑસ્ટ્રિયા | વિયેના | ૮૪ |
| ક્રોએશિયા | ઝાગ્રેબ | ૫૬ |
| ગ્રીસ | એથેન્સ | ૧૩૨ |
| ચૅક રિપબ્લિક | પ્રાગ | ૭૯ |
| જર્મની | બર્લિન | ૩૫૭ |
| જોર્જિયા | તિફલીસ | ૭૦ |
| ડૅન્માર્ક | કૉપન હેગન | ૪૩ |
| નેધરલેન્ડ | આર્મસ્ટેડેમ | ૪૨ |
| નોર્વે | ઑસ્લો | ૩૨૪ |
| પોર્ટુગલ | લિસ્બન | ૯૨ |
| પોલેન્ડ | વોર્સો | ૩૧૩ |
| ફિનલેન્ડ | હેલસિંકી | ૩૩૮ |
| ફ્રાન્સ | પેરિસ | ૫૪૪ |
| બલ્ગેરિયા | સોફિયા | ૧૧૧ |

(વધુ આવતાં અંકે...)

**● ગયા સપ્તાહના સવાલનો જવાબ :**

સવાલ - ગુજરાતમાં સક્રિય રાજકીય પક્ષ મહાગુજરાત જનતા પાર્ટીના હાલ અધ્યક્ષ કોણ છે?
જવાબ - ગોરધનભાઇ ઝડફીયા

**● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-**

(૧) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઇન્ફોસીટી, જૂ. સાયન્સ કૉલેજ
(૨) પંકજ. આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) શિવશ્યામ જોષી : જીઇબી કોલોની
(૪) નટુભાઇ દરજી : પેથાપુર
(૫) મહેશ એમ. જાદવ : સે-૩૦




**● પૂછું એક સવાલ...?**

(૧) નિધિ. બી. પડીયા : સે-૩૦થી
પ્રશ્ન - સ્વ. અમૃત ઘાયલ કયા ક્ષેત્રના કવિ હતા?
જવાબ - ગઝળ
(૨) પટેલ તરલ. ડી : સે-૪થી
પ્રશ્ન - જયદીપસિંહજી એવોર્ડ કયા ક્ષેત્ર માટે અપાય છે? જવાબ - રમતગમત
(૩) ઉત્તમ. બી. પટેલ : સે-૮થી
પ્રશ્ન - ઝંડુ ભટ્ટજી કયા ક્ષેત્ર માટે જાણીતા હતા? જવાબ - આયુર્વેદ
(૪) વાઘેલા. મનીષ. એચ : સે-૧૭થી
પ્રશ્ન - હૅવી એન્જિનીયરિંગનું કારખાનું કયા આવેલું છે?
જવાબ - રાંચી (ઝારખંડ)
(૫) વંદના. એમ. ચૌહાણ : સે-૨૮થી
પ્રશ્ન - કાચું શણ ભારત કયા દેશમાંથી આયાત કરે છે?
જવાબ - બાંગ્લાદેશ

(અનુસંધાન પાના નં. ૬ પર)

## લીલી દિવાલ

જોતજોતામાં બધે વાત ફેલાઇ ગઈ. માણસે ઝાડવાંને કહ્યું, ઝાડવાંએ પંખીઓને કહ્યું, 'ભાઇ, રણ દોડતું દોડતું આગળ આવી રહ્યું છે.' જંગલ તરફ, શહેર તરફ, ખેતરો તરફ! 'આ સાંભળી સૌ ચિંતામાં પડી ગયાં,' હા, આ તો ચિંતાની વાત, રણને તો આગળ વધતું રોકવું પડશે. પાછું વાળવું પડશે.

એમ સૌએ નક્કી કર્યું - 'ગમે તે કરો, રણને પાછું હટાવો.'

રણને તો આ સાંભળીને ગુસ્સો ચડ્યો - 'તમે મને કોણ રોકવાવાળા? મારે તો બધી લીલી વનસ્પતિ ખાઇ જવી છે. મારે તો બધી નદીનાં પાણી પી જવાં છે. તમે શું કરી શકવાનાં?' અને એ તો ગરમ ગરમ વાયરાં ફૂકતું મુઠીઓ વાળી આગળ વધવા લાગ્યું.




'હવે શું કરવું?' સૌ વિચારમાં પડી ગયાં.

એટલે ભાઇ, પંખીઓએ ફળો ખાઇ ખાઇને ઠળીયા ચારેકોર વેરી દીધા. પવને ધૂળ ઉડાડીને બીજને ઢાંકી દીધા. વાદળે ઝરમર ઝરમર વરસીને કૂંપળો ફૂટે એવું કરી દીધું. અને જોતજોતામાં ચારે બાજુ ઝાડ - છોડવા ઉગવા લાગ્યા. અને રણના રસ્તામાં હારબંધ ઉભા રહી ગયા. જાણે રણના રસ્તામાં લીલી દીવાલ ખડી થઇ ગઇ.


હવે રણ શું કરે? એની રેતી ઝાડના મૂળિયામાં ફસાઇ ગઇ. આગળ જઇ શકે નહીં તેવું થયું. રણ ડઘાઇ ગયું. આ લીલીછમ્મ દીવાલ ડઘાઇ ગયું. આ લીલીછમ્મ દીવાલ કેમ કરીને ઓળંગવી? બાપ રે, આગળ કેમ જવું? રણે તો પીછેહઠ કરવી પડી. અને માણસો - પંખીઓ - ઝાડવાં ખડખડાટ હસી પડ્યાં. લીલી દીવાલ પણ મરક મરક હસી પડી.

**- કરશનદાસ લુહાર**

## હળવે હૈયે હસીએ

(૧) બાપુ પોસ્ટમેનની નોકરીના ઇન્ટરવ્યુ માટે ગયા.
સાહેબે પ્રશ્ન પૂછ્યો : ચંદ્રથી પૃથ્વીનું અંતર કેટલું?
બાપુએ નોકરીની ના પાડી દીધી.
બાપુ કહે : 'પૃથ્વીથી ચંદ્ર સુધી ટપાલ દેવા કોણ જાય?'
(૨) રાજુ મોબાઇલ કંપનીમાં ઇન્ટરવ્યુ માટે ગયો.
સાહેબ : સૌથી સારું નેટવર્ક કર્યું?
રાજુ : કાર્ટૂન નૅટવર્ક.

## આ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



**બાળ મિત્રો,**

તમે જાણો છો તેમ '૫મી જૂન' 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે ઉજવા છે. વિશ્વના તમામ લોકોને પર્યાવરણ તરફ જાગૃત કરવા અને પર્યાવરણને આપણે જાળવીએ નહીં તો સમસ્ત વિશ્વને કેટલાં ખરાબ પરિણામો ભોગવવાનાં આવે તે જણાવવા માટે પર્યાવરણ દિવસ ઉજવવામાં આવે છે.

ઘણીવાર બહુ સામાન્ય બાબતોની કાળજી રાખવાથી આપણે પર્યાવરણ જાળવવામાં મદદરૂપ થઈ શકીએ જેમ કે,

➩ નોટબુકો - ચોપડાઓના કાગળોનો કરકસરથી ઉપયોગ કરીને - કેમ કે કાગળ બનાવવામાં કેટલાય વૃક્ષો કાપવામાં આવે છે.

➩ પાણી બીનજરૂરી વેડફાતું અટકાવીને - કેટલાંય ગામો - શહેરોમાં પીવાનું પાણી પર પૂરતું મળતું નથી. ત્યારે આપણે કારણ વગર પાણી ના ઢોળીએ.

➩ વન ખાતા તરફથી વૃક્ષો ઉગાડવામાં આવે છે. તે આપણા ઘરોની આસપાસ હોય તો તેમાં નિયમિત પાણી પાઈને, વૃક્ષ ઉછેરવામાં મદદરૂપ બની શકાય.

➩ બીનજરૂરી લાઇટ-પંખા-એ.સી. - ટી.વી ચાલુ હોય તે બંધ કરીને વીજળીનો બચાવ કરી શકીએ.

➩ સૂર્યના અજવાળામાં જ મોટા ભાગનું હૉમવર્ક - વાંચવાનું પૂરું કરીએ તો - લાઇટ ચાલુ રાખીને કામ કરવાની જરૂર ના રહે - અને વીજળીની બચત થાય - ઘર ખર્ચમાં પણ બચત થાય.

➩ તો, તમે નાના હોવાં છતાં, જાણે-અજાણે પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ થઇ શકો. અને મિત્રોને પણ તમે સમજાવી શકો. કેમ કે હવે તમારા માટે પણ 'ગ્લૉબલ વૉર્મિંગ' નવો શબ્દ નથી. તેનાથી થતાં નુકશાન - ગેરફાયદાથી પરિચિત છો.

પોતાના ઘરમાં થતા વીજળી પાણી - કાગળનો બીનજરૂરી વપરાશ ઘટાડીએ તો, પર્યાવરણ દિવસની ઉજવણી સાચા અર્થમાં કરી શકાય.